રાજયની ગ્રામ પંચાયતોને જકાત
વળતરના અનુદાનની રકમમાં
વધારો આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક - પરચ/૧૦૨૦૦૮/૨૮૩૯/ચ
તા.૧૫/૬/૨૦૧૬

*વંચાણે લીધા-*

(૧) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના વટહુકમ ક્રમાંક - ૪/૨૦૧, તા.૩૦/૪/૨૦૦૧.
(૨) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના કાયદા નં.૧૨/૨૦૦૧, તા.૬/૮/૨૦૦૧.
(૩) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંક - નપફ/૨૦૦૪/૧૩૭૨/ચ, તા.૨૧/૩/૨૦૦૭.
(૪) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંક - પરચ/૧૦૨૦૦૮/૨૮૩૯/(પાર્ટ-૧) ચ, તા.૬/૮/૨૦૧૩.
(૫) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંક - પરચ/૧૦૨૦૦૮/૨૮૩૯/ચ, તા.૩૦/૧૦/૨૦૧૩.
(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક - નપબ/૪૫૦૪/૩૭૦/મ, તા.૧/૩/૨૦૦૭.
(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક - નપલ/૪૫૦૭/૨૫૩૭/મ, તા.૬/૮/૨૦૧૪.

*ઠરાવ-*

રાજયના ગ્રામ પંચાયત વિસ્તારોમાંથી તા.૧/૫/૨૦૦૧, થી રાજયની ગ્રામ પંચાયતો દ્વારા ઉઘરાવાતી જકાત નાબૂદ કરવાનો નિર્ણય વંચાણે લીધેલ સંદર્ભ – (૧) માં દર્શાવેલ વટહુકમથી અને સંદર્ભ – (૨) મુજબ ગુજરાત પંચાયત અધિનિયમની કાયદાકીય જોગવાઈઓ રદ કરવામાં આવેલ છે. જેના સંદર્ભમાં -

(૧) જકાત નાબૂદીના પરિણામે અગાઉ જકાત ઉઘરાવતી ગ્રામ પંચાયતોને થનાર નુકસાન સામે વળતર ચૂકવવા જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવે છે તે ગ્રામ પંચાયતોને છેલ્લા ૩ વર્ષની ઓકટ્રોયની આવકની સરેરાશને પાયાનું વર્ષ ગણી તે મુજબ વળતર રકમ ચૂકવવામાં આવે છે.
(૨) જકાત નાબૂદી અગાઉ જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી ન હતી તેવી ગ્રામ પંચાયતોને વાર્ષિક રૂ.૫/-(પાંચ) લેખે નાણાંકીય સહાય ચૂકવવાનો નિર્ણય સરકારે કરેલ હતો.

પંચાયત વિસ્તારમાંથી જકાત નાબૂદીનો નિર્ણય લેવામાં આવેલ ત્યારે પંચાયતોને આપવામાં આવતી જકાત વળતર અનુદાનની રકમમાં કોઈ વાર્ષિક વધારો આપવામાં આવતો ન હતો. જે ધ્યાને લઈ ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક – (૩) મુજબના તા.૨૧/૩/૨૦૦૭ના ઠરાવથી રાજયની ગ્રામ પંચાયતોને વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૦૬-૦૭ સુધી વધારો આપવામાં આવેલ હતો.

ત્યારબાદ, ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક – (૪) મુજબના તા.૬/૮/૨૦૧૩ના ઠરાવથી વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૦૮-૦૯ સુધી વધારો આપવામાં આવેલ હતો, છેલ્લે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક – (૫) મુજબના તા.૩૦/૧૦/૨૦૧૩ના ઠરાવથી વર્ષ ૨૦૦૯-૧૦ થી વર્ષ ૨૦૧૨-૧૩ સુધી વધારો આપવામાં આવેલ હતો અને વર્ષ ૨૦૧૨-૧૩ પછી સમીક્ષા કરવાની રહેશે તેવું નક્કી કરવામાં આવેલ હતુ.

આમ, ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૫) પરના તા.૩૦/૧૦/૨૦૧૩ના ઠરાવ મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ બાદ જકાત વળતરની અનુદાનની રકમમાં વધારો કરવા સમીક્ષા કરવાની થાય છે. જે મુજબ રાજય સરકારે સમીક્ષા કરીને પુખ્ત વિચારણાના અંતે જકાત વળતર અનુદાનની રકમમાં વધારો કરવા બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

(ક) જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી હતી તેવી ગ્રામ પંચાયતોને સને ૨૦૦૫-૦૬ને પાયાનું વર્ષ ગણતાં વર્ષ ૨૦૦૫-૦૬માં ચૂકવાયેલ ઓક્ટ્રોય ગ્રાન્ટની રકમના ૧૦% (દસ) ટકા લેખે વધારો આપી આવતી ચોક્કસ રકમ જેટલો વધારો વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે આપવો.

(ખ) જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી ન હતી તેવી ગ્રામ પંચાયતોને સને ૨૦૦૧ની વસ્તી ગણતરીને બદલે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાને લઈ માથાદીઠ વાર્ષિક રૂ.૧૦/- (દસ) લેખે જકાત વળતર અનુદાનની રકમની વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે ચૂકવણી કરવી.

ગ્રામ પંચાયતમાંથી રૂપાંતરિત થયેલ નગરપાલિકાઓ અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧/૩/૨૦૦૭ના ક્રમાંક – (૬)માં દર્શાવેલ ઠરાવની વિગતો મુજબ અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબ ગ્રામ પંચાયતોને જકાત વળતર અનુદાનની રકમની ચૂકવણી વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર મારફત કરવાની રહેશે તેમજ જકાત વળતર અનુદાનની રકમના હિસાબો અને ખર્ચના મેળવણાની કામગીરી પણ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરે જ કરવાની રહેશે તથા અનુદાનની રકમમાં વધારો કરવાથી ચૂકવવાની થતી વધારાની રકમને ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ના સુધારેલ અંદાજપત્રમાં જોગવાઈ કરીને મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ જકાત વળતર અનુદાનની રકમ માંગણી ક્રમાંક-૭૨, મુખ્ય સદર-૩૬૦૪-સ્થાનિક સંસ્થાઓને અને પંચાયતી રાજ સંસ્થાઓને વળતર તથા સોંપણી, ગૌણ સદર-૨૦૦-અન્ય પરચૂરણ વળતર અને સોંપણી, પેટા સદર (૦૬) જકાત નાબૂદ કરવાને લીધે પંચાયતોને વળતર અને એક્સગ્રેસીયા ગ્રાન્ટની ચૂકવણી (આયોજન બહાર) હેઠળ બજેટ સદરે ઉધારવાનો રહેશે અને તે સદરે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાંવિભાગની તા.૧૯/૫/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના – *(જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે...)*

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રી(શહેરી વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. નાણાં સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી. (વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર મારફત)
૧૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
૧૬. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૭. સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૮. શાખા સિલેકટ ફાઈલ.
૧૯. નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઈલ.
૨૦. વેબસાઈટ પર ઓનલાઈન અપલોડ કરવા માટે. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત વિભાગ.